Uplosd 08 05 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-05-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ લોકસભાના ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આવતીકાલે ઉમદવારી પત્ર પરત ખેંચવાનો અંતિમ દિવસ.
- ✓ ચોથા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું. તેલંગાણામાં ચૂંટણી સભા સંબોધતા પ્રધાનમંત્રી શ્રી મોદીએ કૉંગ્રેસ સામે કર્યા પ્રહાર... પ્રિયંકા ગાંધી વાડ્રાએ રાયબરેલીમાં મતદાતાઓને રિઝવવા કર્યો પ્રયાસ...
- ✓ એર ઇન્ડિયા એક્સપ્રેસ એરલાઇને તેનાં ચાલક દળનાં સભ્યો અચાનક સામૂહિક રજા પર ઉતરી જતાં 80થી વધુ ફ્લાઇટ્સ રદ કરી.
- ✓ ટોચની બ્રિટિશ કંપની એસ્ટ્રાઝેનેકાએ તેની કોવિડ-19 રસીને વિશ્વભરમાંથી પાછી ખેંચી જેમાં ભારતમાં નિર્મિત કોવિશીલ્ડનો પણ સમાવેશ.
- ✓ ભારતીય નાગરિકોને નોકરીની લાલચ આપીને રશિયન સેનામાં ભરતી માટેના એક કેસમાં CBIએ ચાર લોકોની ધરપકડ કરી....
- ✓ આજે IPL ક્રિકેટમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION

લોકસભા ચૂંટણીના ગઇકાલે યોજાયેલા ત્રીજા તબક્કામાં 64.58 ટકા મતદાન થયુ હતું. આ તબક્કામાં ગુજરાત 25 સહિતની 93 બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયું હતું. મોટા ભાગના રાજ્યોમાં ગરમીની સ્થિતિ છતાં મોટી સંખ્યામાં મતદાતાઓ મતદાન માટે ઉમટી પડ્યા હતા. દરમ્યાન, લોકસભાના છઠ્ઠા તબક્કા માટે આવતીકાલે ઉમેદવારી પત્ર પરત લેવાનો અંતિમ દિવસ છે. આ તબક્કામાં 13 મેના રોજ, 96 બેઠકો માટે મતદાન થશે.

# CAMPAGIN OVER ALL _ NOON-1

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ પાર્ટીઓના નેતાઓએ પ્રજાને રિઝવવાના પ્રયાસો તેજ કર્યા છે. આ તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 96 બેઠકો માટે મતદાન થશે. જેમાં આંધ્ર પ્રદેશની 25, તેલંગાણાની 17 બેઠકો ઉપરાંત ઉત્તર પ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, પશ્ચિમ બંગાળની 8, મધ્ય પ્રદેશની 8, બિહાર અને ઝારંખડની 5, ઓડિશાની 4 તેમજ જમ્મૂ અને કાશ્મીરની એક બેઠક માટે મતદાન થવાનું છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. સવારે તેમણે તેલંગાણાના રાજ રાજેશ્વરી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. શ્રી મોદીએ તેલંગાણાના કરીમનગરમાં ચૂંટણી સભાને સંબોધતા કૉંગ્રેસ સામે આકરા પ્રહારો કર્યા હતા. શ્રી મોદીએ કહ્યું કે ત્રીજા તબક્કાની ચૂંટણી પૂરી થઈ ગઈ છે, ત્રીજા તબક્કામાં જ કૉંગ્રેસ અને ઇન્ડિયા ગઠબંધનને વાસ્તવિકતા સમજાઈ ગઈ છે. શ્રી મોદીએ વાંરગલમાં પણ ચૂંટણી સભા સંબોધી હતી. તેઓ સાંજે આંધ્ર પ્રદેશના રાજમપેટમાં ચૂંટણી સભાને સંબોધન કરશે. જે બાદ તેઓ વિજયવાડામાં રોડ શૉને સંબોધન કરશે. લોકસભા ચૂંટણીની જાહેરાત બાદથી પ્રધાનમંત્રી શ્રી મોદીની આંધ્ર પ્રદેશની આ ત્રીજી મુલાકાત છે. ભાજપે અહીં તેલગુ દેશમ પાર્ટી અને જન સેના પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. ભાજપ અહીં લોકસભાની 6 જ્યારે કે, વિધાનસભાની 10 બેઠકો પર ચૂંટણી લડી રહ્યો છે. આ માટે ચોથા તબક્કામાં 13 મેના રોજ મતદાન થશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. શ્રી શાહે સવારે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. તેમણે લખીમપુર ખીરીના સરકારી કૉલેજના મેદાનમાં જાહેર સભા સંબોધી હતી. તેઓ હરદોઈમાં પીએસએન પીજી કૉલેજ ગ્રાઉન્ડમાં જાહેર સભાને સંબોધશે. સાંજે તેઓ મહારાષ્ટ્રના જાલનામાં ચૂંટણી પ્રચાર કરશે.

તો કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. પ્રિયંકા ગાંધી વાડ્રાએ અહીં રોજગાર અને મહિલા અનામતના મુદ્દા પર સરકાર પર પ્રહાર કર્યા હતા. વધુમાં તેમણે કહ્યું કે જો તેમની સરકાર સત્તામાં આવશે તો ખેતીના સાધનોને જીએસટીના માળખામાંથી દૂર કરાશે. ઉલ્લેખનીય છે કે, આ વખતે રાહુલ ગાંધી રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ આજે શાહજહાનપુર અને ફરુખાબાદમાં પ્રચાર કરશે.

## *HARYANA - INDEPENDENT MLA*

હરિયાણામાં ત્રણ અપક્ષ ધારાસભ્યોએ ભાજપ સરકારને ટેકો પાછો ખેંચીને કૉંગ્રેસને સમર્થન આપતાં નાયબસિંહ સૈની સરકાર સંકટમાં મૂકાઈ ગઈ છે. અપક્ષ ધારાસભ્યો રણધીર ગોલાન, ધરમપાલ ગોન્ડર અને સોમ્બિર સિંઘ સાંગવાને ગવર્નર બંડારુ દત્તાત્રયને પત્ર લખીને ટેકો પાછો ખેંચ્યો હોવાની જાણ કરી હતી. પત્રકાર પરિષદમાં તેમણે આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, તેમણે ખેડૂતોનાં હિતમાં સરકારને ટેકો પાછો ખેંચ્યો છે. શ્રી ગોલાને સરકારને ટેકો પાછો ખેંચવા માટે હરિયાણામાં ભાજપનાં શાસનમાં બેકારી અને ફુગાવામાં વધારાને જવાબદાર ગણાવ્યા હતા.

દરમિયાન, મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ જણાવ્યું હતું કે, કેટલાંક ધારાસભ્યોની મહત્વાકાંક્ષાને અમે પૂરી કરી શકીએ તેમ નથી. મુખ્યમંત્રીના મિડિયા સેક્રેટરી પરવીન અત્રેએ જણાવ્યું કે, અપક્ષ ધારાસભ્યો દ્વારા ટેકો પાછો ખેંચવાથી સરકાર પર કોઈ અસર નહીં પડે કારણ કે 90 સભ્યોનાં ગૃહમાં હજુ પણ સરકારને 47 ધારાસભ્યોનું સમર્થન છે.

રાજ્યના ભૂતપુર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા ભુપિન્દરસિંહ હુડાએ જણાવ્યું કે, અપક્ષોનું પગલું વર્તમાન સરકારમાં તેમનો અવિશ્વાસ દર્શાવે છે. તેમણે અપક્ષોએ કોંગ્રેસને આપેલાં ટેકાને આવકાર્યો હતો

## *Air India Express Flights*

એર ઇન્ડિયા એક્સપ્રેસ એરલાઇને તેનાં ચાલક દળનાં સભ્યો અચાનક સામૂહિક રજા પર ઉતરી જતાં 80થી વધુ ફ્લાઇટ્સ રદ કરી છે.

કંપનીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમારા ચાલક દળના સભ્યોનાં એક જૂથે મંગળવારે રાત્રે છેલ્લી ઘડીએ બિમાર હોવાની સૂચના આપી હતી. ત્યારબાદ કેટલીક ફ્લાઇટ્સમાં વિલંબ થયો અને કેટલીક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી. એરલાઇને પ્રવાસીઓને પડેલી અગવડતા બદલ માફી માંગી છે. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે આ સ્થિતિ પાછળનાં કારણો સમજવા માટે કર્મચારીઓ સાથે સંવાદ સાધવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

પ્રવક્તાએ એર ઇન્ડિયા એક્સપ્રેસમાં મુસાફરી કરનારા પ્રવાસીઓને એરપોર્ટ માટે નીકળતા પહેલાં ફ્લાઇટની સ્થિતિ ચકાસી લેવા વિનંતી કરી છે.

આ અભૂતપુર્વ સ્થિતિને પગલે નાગરિક ઉડ્ડયન વિભાગના અધિકારીઓએ સમીક્ષા કરી રહ્યા છે.

## *Astrazenaca Covid Vaccine*

ટોચની બ્રિટિશ કંપની એસ્ટ્રાઝેનેકાએ તેની કોવિડ-19 રસીને વિશ્વભરમાંથી પાછી ખેંચી છે, જેમાં ભારતમાં નિર્મિત કોવિશીલ્ડનો પણ સમાવેશ થાય છે.

કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બજારમાં જરૂરિયાત કરતા વધુ માત્રામાં વેક્સિન ઉપલબ્ધ છે, તેથી કંપનીએ બજારમાંથી તમામ ડોઝ પાછા લેવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે કંપનીએ થોડાં દિવસ પહેલાં એ વાતનો સ્વીકાર કર્યો હતો કે તેણે બનાવેલી કોવિડની રસીની કેટલીક આડઅસરો પણ છે, જેમાં લોહી ગંઠાઇ જવું અને બ્લડ પ્લેટલેટ્સની સંખ્યામાં ઘટાડાનો સમાવેશ થાય છે.

એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલી રસી ભારતમાં સિરમ ઇન્સ્ટિટ્યૂટે કોવિશીલ્ડ નામે બનાવી હતી. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા  પ્રમાણે ભારતમાં અત્યાર સુધી 220 કરોડથી વધુ ડોઝ આપ્યા છે.

## *CBI _ HUMAN TRAFFCING*

કેન્દ્રીય તપાસ પંચ – CBIએ રશિયન સેનામાં ભરતી માટે ભારતીય નાગરિકોની તસ્કરીના કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

સીબીઆઈએ એક નિવેદનમાં કહ્યું છે કે તેણે દેશમાં ચાલી રહેલા માનવ તસ્કરીના એક નેટવર્કને શોધી કાઢ્યું છે, જે વિદેશમાં આકર્ષક નોકરીની લાલચમાં યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ કેસમાં સીબીઆઈએ કેરળમાં રહેતા બે આરોપીઓ તેમજ મુંબઈમાંથી બે આરોપીઓની ધરપકડ કરી છે. એજન્સીએ કહ્યું છે કે આ તસ્કરો રશિયામાં ઉંચા પગારની નોકરી માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેમજ સ્થાનિક એજન્ટોની મદદથી ભારતીય નાગરિકોને આકર્ષવા સંગઠીત નેટવર્ક તરીકે કામ કરી રહ્યા છે. સીબીઆઈ પ્રમાણે તસ્કરી કરીને મોકલાયેલા નાગરિકોને સૈનિકોની ભૂમિકા માટે તાલીમ અપાઈ હતી અને તેમને ઇચ્છા વિરુદ્ધ રશિયન-યુક્રેન યુદ્ધમાં મહત્વના સ્થાનો પર તૈનાત કરાયા હતા. ખાનગી વીઝા કંપનીઓ અને એજન્ટો વિરુદ્ધ માનવ તસ્કરીનો કેસ નોંધવામાં આવ્યો છે, જેમાં ભારતીય નાગિરકોની તસ્કરી પણ સામેલ છે.

## *NAVY*

રીઅર એડમિરલ રાજેશ ધનકરના નેતૃત્વમાં ભારતીય નૌકાદળના પ્રતિનિધિમંડળે ગઈકાલે ઈન્ફોર્મેશન ફ્યુઝન સિંગાપોરની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતનો હેતુ દરિયાઈ સુરક્ષા સહયોગ વધારવા અને ભારત અને સિંગાપોર વચ્ચે મિત્રતાના સેતુને મજબૂત કરવાનો છે. મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળે પ્રદેશમાં વર્તમાન દરિયાઈ સુરક્ષા

અંગેના  તોળાતા જોખમોને ઘટાડવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે IFC સિંગાપોર અને ભારતીય નૌકાદળ દ્વારા યજમાન IFC_IOR વચ્ચેના વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું..

## KERAL WEST NILE FEVER

કેરળ સરકારે રાજ્યનાં ત્રણ જિલ્લામાં ક્યુલેક્સ મચ્છરથી ફેલાતા વેસ્ટ નાઇલ તાવનાં કેસો નોંધાયા બાદ તમામ જિલ્લાઓને તકેદારી રાખવા સૂચના આપી છે.

આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે થ્રિસ્સુર, મલપ્પુરમ અને કોઝીકોડ જિલ્લામાં વેસ્ટ નાઇલનાં કેસ નોંધાયા હોવાની પુષ્ટી કરી છે.

શ્રીમતી વીણાએ તમામ જિલ્લાઓને મચ્છરનાં અંકુશ માટે જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો અને લોકોને માથાનો દુઃખાવો, ઉલ્ટી, સ્નાયુ ખેંચાવા જેવાં લક્ષણો દેખાય તો તાત્કાલિક સારવાર કરાવવા લોકોને વિનંતી કરી છે. કેરળમાં સૌ પ્રથમવાર વર્ષ 2011માં વેસ્ટ નાઇલ તાવ નોંધાયો હતો.

સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે 3મેનાં રોજ થ્રિસ્સુરમાં 79 વર્ષીય પુરુષનું મૃત્યુ વેસ્ટ નાઇલનાં ચેપથી થયું હતું.

## IPL CRICKET

આઇપીએલ ક્રિકેટમાં આજે સનરાઇઝર્સે હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે હૈદરાબાદનાં રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં મુકાબલો થશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને 20 રને પરાજય આપ્યો હતો. દિલ્હીએ 20 ઓવરમાં આઠ વિકેટે 221 રનનો મજબૂત સ્કોર કર્યો હતો.

જવાબમાં, રાજસ્થાને મજબૂત પ્રારંભ કરતા કેપ્ટન સંજુ સેમસને 46 બોલમાં 86 રન કર્યા હતા. જોકે, દિલ્હીનાં બોલરોએ રાજસ્થાનને 20 ઓવરમાં 201 રનમાં ઓલઆઉટ કરી દીધા હતા. આ વિજય સાથે દિલ્હીએ પ્લે-ઓફની આશા જીવંત રાખી છે અને પોઇન્ટ ટેબલમાં પાંચમા ક્રમે પહોંચ્યું છે, જ્યારે હારવા છતાં રાજસ્થાન બીજા ક્રમે રહ્યું હતું.